ખગોળીય ઘટના નિહાળતા બાળકો - સદીનું સૌથી મોટું સૂર્યગ્રહણ નિહાળવા શહેર-જિલ્લાની શાળાના બાળકો માટે સ્વર્ણિમ પાર્ક ખાતે ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ હતી... શાળાના બાળકો ખૂબ ઉત્સુકતા પૂર્વક સૂર્યગ્રહણને નિહાળતા હતા... એટલું જ નહિ પરંતુ ઉપસ્થિતિ માર્ગદર્શકો પાસેથી પૂરક માહિતી પણ મેળવતા હતા... જીજ્ઞાસાવૃત્તિને વધુ વિસ્તૃત કરી શાળાના બાળકોએ અણમોલ સૂર્યગ્રહણની રજેરજની માહિતી મેળવી હતી... નિસર્ગ સાયન્સ સેન્ટર અને તેના સંચાલકોને આવી પ્રેરક કામગીરી બદલ નગરજનો બિરદાવતા પણ હતા...

મા વાત્સલ્ય કાર્ડ માટે તલાટીનો આવકનો દાખલો માન્ય ગણવો નહિ

આરોગ્ય કમિશનરની કચેરીના ખાસ ફરજ પરના અધિકારી દ્વારા લેખિત સુચનાઓ જાહેર કરાઈ : ૨૬-૭-૧૯ના પંચાયત વિભાગના પરિપત્રમાં તલાટીને દાખલો આપવા અધિકૃત કરવામાં આવેલ છે

ગાંધીનગર, તા. ૨૬

મા વાત્સલ્ય કાર્ડ માટે આરોગ્ય વિભાગે વિવાદાસ્પદ સૂચનાઓ જારી કરતાં એક નવો વિવાદ રાજ્ય સરકારમાં ઉભો થયો છે.

આરોગ્ય કમિશનરની કચેરીના ખાસ ફરજ પરના અધિકારી ડૉ. ભાવસારે આ અંગે પત્ર લખીને સૂચના આપી છે.

મા વાત્સલ્ય કાર્ડ માટે આવકના દાખલા અંગે તંત્રને સૂચના આપતાં ડૉ. ભાવસારે જણાવ્યુ છે કે આવકના દાખલા માટે મૂળ ઠરાવમાં જે સાત અધિકારીના દાખલા અધિકૃત ગણવામાં આવ્યા છે તે જ માન્ય રાખવાના રહેશે.

તેમણે આ પત્રમાં જણાવ્યુ છે કે ૨૬-૭-૧૯ના રોજ પંચાયત વિભાગે કરેલા એક ઠરાવમાં તલાટી કમ મંત્રીને આવકના દાખલાઓની ચકાસણી કરી મંજૂરી આપવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

પરંતુ મા વાત્સલ્ય કાર્ડ યોજનાના મૂળભૂત ઠરાવમાં દર્શાવેલ સાત અધિકારી ઉપરાંત તલાટી કમ મંત્રીને માન્ય ગણવા બાબતે કોઈ નિર્ણય ના આવે ત્યાં સુધી આ દાખલા માન્ય ગણાશે નહિ. માત્રને માત્ર જે સાત અધિકારી અધિકૃત કરાયા છે તેમના જ દાખલા માન્ય ગણાશે.

એક તરફ આરોગ્ય સેવાઓના સઘનીકરણની વાતો સરકાર કરે છે અને મા વાત્સલ્ય કાર્ડ સહિતના વિવિધ કલ્યાણલક્ષી કાર્ડ મેળવવા પર ભાર મુકે છે. આમેય રાજ્યમાં આરોગ્યની નબળી સેવાઓ છે અને આવકના દાખલાનું કારણ આગળ ધરી યોજનાની અમલવારીમાં વિલંબ થાય તેવા પ્રયાસો પણ ઉચ્ચકક્ષાએથી થઈ રહ્યા છે તેથી પ્રજા પણ વિમાસણમાં મુકાઈ છે.

તાજેતરમાં જ આવી સૂચનાઓ જારી કરાતાં સરકાર દ્વારા કરવામાં આવેલ પરિપત્રને લઈ પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે કારણ કે પરિપત્ર રાજ્યપાલશ્રીના નામે અને તેમની સહિથી થતા હોય છે. આ નિર્ણય સરકારનો હોય છે અને સરકારનું જ તંત્ર આ બાબતે વિવાદ ઉભો કરે તેને લઈ સચિવાલય સહિત ઘણી કચેરીઓમાં આ બાબત ચર્ચાનો મુદ્દો બની છે.

ગુજકેટની પરીક્ષા ૩૧મી માર્ચે રાજ્યભરમાં યોજાશે

એન સી ઇ આર ટી ના પ્રવર્તમાન અભ્યાસક્રમ આધારિત ગુજસેટની પરીક્ષાનો અભ્યાસક્રમ રહેશે

ગાંધીનગર તા ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૦ ના રોજ ગુજકેટની પરીક્ષા લેવાશે. વિજ્ઞાન પ્રવાહના ગૃપ એ અને ગૃપ બી તેમજ ગૃપ એ બી ના વિદ્યાર્થીઓની ગુજકેટ પરીક્ષા આગામી તા ૩૧ માર્ચના રોજ સવારે ૧૦ કલાક ૪ કલાક દરમિયાન યોજાશે. એન સી ઇ આર ટી ના પ્રવર્તમાન અભ્યાસક્રમ આધારિત ગુજસેટની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ ડીગ્રી એન્જિનિયરીંગ ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વર્ષ ૨૦૧૭ થી કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે ગુજકેટની પરીક્ષા ફરજિયાત કરવામાં આવી છે. રાજ્યમાં ડિગ્રી અન્જિનિયરીંગ ડિગ્રી ડિપ્લોમાં, ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહના ગૃપ એ , ગૃપ બી અને ગૃપ એ બી વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા તા ૩૧ માર્ચ વર્ષ ૨૦૨૦ ના રોજ યોજવામાં આવશે. ગુજકેટની પરીક્ષા જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે સવારે ૧૦ થી ૪ કલાક દરમિયાન યોજાશે. ગુજરાત માધ્યમિક અને

અગાઉ ગુજકેટની પરીક્ષા એપ્રિલના અંતમાં અથવા મે મહિનામાં યોજાતી હતી જેમાં ફેરફાર કરી માર્ચમાં યોજાશે

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નોંધણી થયેલી શાળાઓમાં ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન તેમજ ગણિત વિષયોમાં એન સી ઇ આર ટી ના પાઠયપુસ્તકોનો અમલ કરવામાં આવશે. પ્રવર્તમાન એન સી ઇ આર ટી ના અભ્યાસક્રમ આધારિત ગુજકેટની પરીક્ષાનો અભ્યાસ ક્રમ રહેશે. ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ગણિત વિષયમાં ૪૦ પ્રશ્નો ૪૦ ગુણ માટે રહેશે. જયારે ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રનુ પ્રશ્નપત્ર સંયુકત રહેશે. જેમાં ૪૦ પ્રશ્નો ભૌતિકશાસ્ત્રના અને ૪૦ પ્રશ્નો રસાયણશાસ્ત્રના એમ કુલ ૮૦ પ્રશ્નોના ૮૦ ગુણ અને ૧૨૦ મિનિટ સમય આપવામાં આવશે. ઓ એમ આરની ઉત્તરવહી પણ ૮૦ પ્રત્યુઉત્તર માટેની રહેશે. જીવવિજ્ઞાન તેમજ ગણિતનુ પ્રશ્નપત્ર અલગ અલગ રહેશે. પરીક્ષા માટે આવેદનપત્ર અને પરીક્ષા ફી રૂ ૩૦૦ ઓનલાઇન ભરવાની રહેશે. જયારે આ અંગેની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. તેમ પણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેને જણાંવ્યુ છે.

રેશનકાર્ડમાં હવે ગ્રામીણસ્તરે સુધારા-વધારા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સરકારે હવે રેશનકાર્ડમાં સુધારા ગ્રામ્યકક્ષાએથી જ કરવામાં આવશે તેવો મહત્વનો નિર્ણય લીધો છે. આને કારણે તાલુકા મથકો સુધી જવામાંથી પ્રજાને મુક્તિ મળશે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા તાજેતરમાં આ સેવાઓ વિલેજ કોમ્પ્યુટર સાહસિક હસ્તક સોંપવાનો નિર્ણય કરાયો છે. રાજ્ય સરકારે આ સુધારા માટે રૂ. ૨૦ની ફી લેવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. પંચાયત વિભાગ દ્વારા કરાયેલ પરિપત્રમાં જણાવાયા મજુબ રેશનકાર્ડમાંથી નામ રદ કરવુ, રેશનકાર્ડમાં નામ ઉમેરવુ અને રેશનકાર્ડમાં સુધારો કરવો તે માટેની કાર્ય પ્રણાલિ પણ નિયત કરી દેવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી એટીવીટી સેવાઓ પૈકી આ સેવાને ઈ.ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી સાથે સંલગ્ન ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક દ્વારા ઈ-ગ્રામ સેન્ટર પરથી આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે. રેશનકાર્ડ એ સામાન્ય નાગરિક માટે અતિ મહત્વનું છે. આ માટે તેણે હવે તાલુકામથકે ધક્કા ખાવા પડશે નહિ અને આ લેવાની ફી અને ફોર્મ ભરી રજુ કરતાં જ તેને ગ્રામીણસ્તરે આ સુવિધા ઉપલબ્ધ થશે.

વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવેલ તમામ બિલ પર રાજ્યપાલે મહોર મારી

ગાંધીનગર,તા.૨૬

વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવેલા તમામ બિલ મંજુર, રાજ્યપાલ દેવવ્રત આચાર્યએ તમામ બિલને આપી મંજૂરીની મહોર મારી છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગૃહમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પર બિલ રજૂ કર્યું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્ટેચ્યુ ઓફ યૂનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ ગવર્નન્સ સહિતના વિધેયકોને નોટીફાઇડ એરિયા તરીકે જાહેર કરી વધુ પર્યટકોને આકર્ષવાનું આયોજન કરવા પર વિચાર કરવામાં આવશે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને તેની આસપાસના વિસ્તારને નોટિફાઇડ એરિયા જાહેર કરીને પ્રવાસન સત્તામંડળની રચના કરતો સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન બિલ વિપક્ષની ગેરહાજરીમાં વિધાનસભામાં પસાર થયું હતું.

આર ટી ઓમાંથી ૩૫૦૦ આર સી બુક વાહનમાલિકોના ઘરે પહોંચી નથી

પોસ્ટ વિભાગની બેદરકારીના લીધે આર સી બુક ન પહોંચતા આર ટી ઓ કચેરીમાં અરજદારોની કતાર : અડાલજ વિસ્તારમાં ટપાલીને જ નામ સરનામા શોધ્યા મળતા નથી : આર ટી ઓ તંત્રની બેઠકમાં પોસ્ટ વિભાગના અધિકારીઓને કડક સુચના

ગાંધીનગર તા ૨૬

વાહનમાલિકોને આર સી બુક ઘરે ન મળતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. અડાલજ વિસ્તારમાં પોસ્ટમેનને નામ સરનામા ન મળતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે નગરની આર ટી ઓ કચેરીમાં ડુપ્લીકેટ આર સી બુક બનાવવા માટે અરજદારોની કતાર જોવા મળે છે. આર ટી ઓની તપાસના અંતે ૩૫૦૦ જેટલા વાહનમાલિકોને આર સી બુક મળી નથી જેથી પોસ્ટ વિભાગના અધિકારીઓને પણ આ માટે યોગ્ય વ્યવસ્થા કરવા માટે કડક સુચના આપવામાં આવી છે.

પોસ્ટ વિભાગ સાથે સંકલન કરી આર સી બુક અરજદારોના ઘરે પહોચી જાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જયારે આ માટે પોસ્ટવિભાગને આર ટી ઓ દ્વારા એડવાન્સમાં ફી પણ ચુકવી દેવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના ઘણાં અરજદારોને પોતાની આર સી બુક નહીં મળી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે આ આર સી બુક બનાવતી ખાનગી એજન્સી દ્વારા બુક બનાવીને તેને પોસ્ટ વિભાગમાં ડિસ્પેચ પણ કરાવી દીધી છે. પરંતુ ટપાલ વિભાગ પાસેથી આ આર સી બુક વાહનમાલિકોના ઘર સુધી પહોંચી નથી. જે અંગે આર ટી ઓ તંત્રએ તપાસ હાથ ધરતા ૩૫૦૦ જેટલા વાહનમાલિકોને પોતાની આર સી બુક મળી નથી. ટપાલ વિભાગની બેદરકારીના લીધે આર સી બુક વાહનમાલિકના ઘરે પહોંચી નથી. જેના લીધે ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં આર સી બુકની ડુપ્લીકેટ કોપી કઢાવવા માટે અરજદારોની લાઇન લાગી છે. આ મામલે થોડા સમય અગાઉ આર ટી ઓ દ્વારા યોજાયેલી બેઠકમાં ટપાલ વિભાગના અધિકારીઓને

● અનુસંધાન પાન-૭ પર

ઊર્જા વિભાગમાં ૨,૦૮૭ વિદ્યુત સહાયકોની ભરતી થશે : સૌરભ પટેલ

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં ઊર્જા વિભાગ દ્વારા ભરતી બહાર પાડવામાં આવી હતી. જેમાં અંતિમ સમયે રાજ્ય સરકાર દ્વારા ભરતી રદ કરવામાં આવી હતી. પરંતુ રાજ્ય સરકારે એવી બાહેંધરી પણ આપી હતી કે, ટૂંક સમયમાં ભરતી કરવા આવશે. જેના પગલે રાજ્યના ઊર્જાપ્રધાન સૌરભ પટેલે જાહેરાત કરતા જણાવ્યુ હતું કે, ડિસેમ્બરના અંત સુધીમાં ૨૦૮૭ વધુ વિદ્યુત સહાયકોની ભરતી કરવામાં આવશે.

સૌરભ પટેલે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ×ડિસેમ્બરમાં યોજાનારી વિદ્યુત સહાયકની પરીક્ષા અંતિમ સમયે રદ કરવામાં આવી હતી. આ નિર્ણય સુપ્રીમ કોર્ટના આર્થિક અનામતના નિર્ણયના કારણે લેવાયો હતો. જેમાં હવે રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૦થી વધુ ઉમેદવારોની ભરતી કરવામાં આવશે. સાથે જ ઉમેદવારોની જે ક્વોલિફિકેશન હતું તે પણ ગ્રેજ્યુએટ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત વિદ્યુત સહાયક પરીક્ષા બાદ એન્જીનિયરોની પણ ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. તેમજ વિદ્યુત સહાયકની પરીક્ષામાં ૧૦ ટકા જેટલી બેઠક અનામત આપવામાં આવશે. જેમાં આર્થિક અનામતમાં સમાવેશ થતાં ઉમેદવારોને સમાવેશ કરાશે.આમ, ડિસેમ્બરના અંત કે જાન્યુઆરીના પ્રારંભમાં સરકાર દ્વારા ફરીથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

શહેરમાં કટાયેલા સ્ટ્રીટ લાઈટના થાંભલાના ખુલ્લા ઢાંકણો જાનલેવા પુરવાર થવાની દહેશત

સે-૨૮ જીઆઇડીસીમાં પણ ખુલ્લા થાંભલા જોખમી : નાના બાળકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી દહેશત

ગાંધીનગર તા ૨૬

શહેરમાં સ્ટ્રીટ લાઇટના કટાયેલા કંગાળ થાંભલા અંધારુ ઉલેચવામાં પણ અસરકારક ન હોવાનો આક્રોશ વારંવાર ઉઠવા પામે છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં હાઇટેક વિકાસની વાતો વચ્ચે સ્ટ્રીટ લાઇટની સુવિધા છેવાડાના ગામ જેવી થતી જાય છે. જયારે દાયકાઓ જુના કટાયેલા કંગાળ થાંભલા હવે જોખમી બન્યા છે. સેકટરોના રહેણાંક વિસ્તાર સહીત સે-૨૮ જીઆઇ ડી સી વિસ્તારમાં પણ ખુલ્લા થાંભલા ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત પ્રબળ બની છે.

શહેરમાં સ્ટ્રીટ લાઇટના જાળવણીનો મુદ્દો હજુ પણ રામભરોસે છે. એલ ઇ ડી લાઇટના અજવાળા સાથે વિજબીલમાં બચત થતી હોવાના એકરાર બાદ પણ તંત્ર દ્વારા આમ નાગરિકોની સુવિધા તેમજ સલામતી પ્રત્યે સતત દુર્લક્ષ્ય સેવવામાં આવી રહ્યુ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરના

સેકટરોમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા ગમે ત્યારે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત વચ્ચે નાગરિકો માં આક્રોશ પ્રવર્તયો છે.સેકટરોમાં સ્ટ્રીટ લાઇટના થાંભલાને કલરકામ પણ કરવામં આવતુ નથી. જયારે કટાયેલા કંગાળ થાંભલાના ઢાંકણો પણ ખુલ્લા હોવાથી વાયરીંગ પણ ખુલ્લી અને જોખમી હાલતમાં જોવા મળે છે. આવા સંજોગોમાં સેકટરોમાં ગમે ત્યારે રમતા નાના બાળકો પણ અકસ્માતનો ભોગ બને તેવો રોષ સેકટરવાસીઓ વ્યકત કરી રહ્યા છે. વાઇબ્રન્ટ સમિટ વેળાએ નગરમાં બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. વી આઇ પી મહાનુભાવોની આંખો આંજવા રંગબેરંગી રોશની પણ જગમગતી હોય છે. પરંતુ સ્ટ્રીટ લાઇટના મામલે નગરની હાલત હજુ પણ છેવાડાના ગામ જેવી છે. સેકટરોમાં છાશવારે સ્ટ્રીટ લાઇટના થાંભલાઓ ડુલ જોવા મળી રહ્યા છે. અલબત્ત સેકટરોની શેરીઓમાં વારંવાર અંધારપટ્ટ છવાયેલો રહે છે. નાગરિકોની આ ફરિયાદનો ઉકેલ પણ ઝડપથી ન આવતો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. ત્યારે હાઇટેક અને સ્માર્ટ બનતા શહેરમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા સલામતી પણ ગુમાવી ચુકયા છે. દાયકાઓ જુના થાંભલાના ઢાંકણો પણ તુટેલી હાલતમાં છે. જેના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે. સે-૨૮ જી આઇ ડી સી માં સ્ટ્રીટ લાઇટના આવા ખુલ્લા થાંભલા જોખમી બન્યા છે.પ્લોટ નં -૩૧૬ પાસે જ આવી સ્થિતિ છે. આ ઉપરાંત સેકટરોમાં પણ નજર નાંખો ત્યાં આ મુજબ જોખમી સ્થિતિ જોવા મળી રહી છે.

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ટચુકડી જાહેર ખબર
જાહેરાતનું અસરકારક માધ્યમ
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com